સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

જરૂરી વસ્તુના ભાવે રસોડું તડકે છે!
ડિઝલ-પેટ્રોલના ભાવ-પણ ભડકે છે!
ફડકે છે જીવ અધ્ધર-હરઘડી શ્વાસે -
તૂટતા જાય છે સંબંધ નીતિ સડકે છે!

હાઈકુ

ગૂંચવાયા છે
જીડીપી વગેરે દરો
વિકાસ ગૂંચે...

માનવી જેમ -
થાય છે ઉંચા-નીચાં
સોનું ને ચાંદી

ચિંતન

સંપત્સુ મહતાં ચિત્તં ભવત્યુત્પલ કોમલમ્ ।
આપત્સુ ચ મહાશૈલશિલા સંઘાત કર્કશમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

સજ્જનોનું ચિત્ત જ્યારે સંપત્તિ વધે ત્યારે કમળથી પણ કોમળ થતું હોય છે પણ જ્યારે આપત્તિ આવે ત્યારે પત્થરથી પણ કઠોર થઈ જતું હોય છે.

ચિત્તની બે દશાઓ થતી હોય છે. કોમળ અને કઠોર કોમળ હૃદય જલદી પીગળતું હોય છે. જ્યારે કોઈનું દુઃખ જુએ ત્યારે કરુણાથી પીગળી જાય. પીગળેલા હૃદયમાં કરુણા પ્રગટતી હોય છે. કરુણા વિના દુઃખભજન ન થઈ શકાય. એટલે ધનવાન સજ્જનો દુઃખભંજન થઈ શકાતા હોય છે.

બીજીતરફ આપત્તિના સમયમાં હૃદય પથ્થરથી પણ વધુ કઠોર થઈ જતું હોય છે કે જેથી દુઃખોના પહાડોને સહી શકાય. પોચું હૃદય સિદ્ધાંતવાદી થઈ શકતું નથી. પ્રહાર થતાં જ તે નમતું મૂકી દે છે. તેથી પોચી પ્રજા ઐસિહાસિક પ્રજા થઈ શકતી નથી.

સુવિચાર

- જો ખાનદાની રઈશ હૈ વો, રખતેં હૈ મિજાજ નર્મ અપના,
  તુમ્હારા લહજા હતા રહા હૈ, તુમ્હારી દૌલત નઈ નઈ હૈ - **નવાઝમિયાં લાહોરી**
- મુસિબત પડી એ તો સારું થયું, સ્વજનને તો સરવાનો મોકો મળ્યો - **ચીનુ મોદી**
- તમારા નિષ્ઠા ભરેલા સિદ્ધાંતો એ કોઈ પણ દેશનાં કાયદા સમાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો આપણે ભૂત અને વર્તમાનની લડાઈ ચાલુ કરીશું તો શું આપણને માલૂમ પડશે કે આપણે ભવિષ્ય ખોઈ બેઠા છીએ - **વિન્સ્ટન ચર્ચિલ**
- જયાં કોઈ કાનૂન નથી હોતો, ત્યાં અંતઃકરણ હોય છે - **રત્નસુંદરજી વિજયજી**
- જે ઉત્તમ માણસો છે તેઓએ પોતે જ પોતાને એવા બનાવ્યા હોય છે - **પેટ્રિક નેલ્સન**
- આજનું ઔષધ : હરડે પાઉડરમાં ફટકડીનું પાણી ઉમેરી તે પેસ્ટ અળાઈ ઉપર રોજ લગાડવાથી અળાઈ મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ સાહિત્યકાર બેન જોન્સ દેખાવમાં કદરૂપા હતા. એમના દેખાવ ને જોઈને એમને કોઈ નોકરી ન આપતા. એમના પિતા તરફથી એમને વારસામાં એકવીસ પાઉન્ડ મળ્યા હતા. માંડમાંડ તેઓ ગ્રેજ્યુએટ થયા. એમના અભ્યાસના આધારે એમને માત્ર શિક્ષક તરીકે નોકરી મળી શકે તેમ હતી. એકવાર બેન જોન્સન ને, લંડનની એક શાળામાં ઈન્ટરવ્યુ આપવાનો પત્ર મળ્યો. બેન જોન્સન ઉત્સાહ સાથે શાળાના પ્રિન્સિપાલ સમક્ષ ઈન્ટરવ્યુ આપવા હાજર થયા. ગરીબીને કારણે એમની પાસે સરખા કપડા પણ ન હતા. ઉપરાંત એમનો દેખાવ પણ અનાકર્ષક હતો. પાંચ મિનિટની મુલાકાતમાં જ પ્રિન્સિપાલે કહી દીધું. 'અમે તમને નોકરી આપી શકીએ તેમ નથી.' બેન જોન્સને વિનંતી કરતાં કહ્યું, 'સાહેબ મને એક તક આપો, હું ખુબ ઉત્તમ શિક્ષક બની શકું તેમ છે.' પ્રિન્સિપાલે કહ્યું, 'મહાશય, મુદ્દો એ નથી હું તમને એવી તક પણ આપી શકું તેમ નથી. કારણ કે તમારો દેખાવ જોઈને વિદ્યાર્થી ડરીને શાળા છોડીને ભાગી જશે. એટલા માટે અમે આપને શિક્ષકની નોકરી આપી શકીએ તેમ નથી.' નિષ્ફળ પ્રયાસો બાદ બેન જોન્સને શિક્ષકને બદલે સાહિત્યકાર બનવાનું નક્કી કર્યું. વર્ષો પછી માત્ર ઈંગ્લેન્ડમાં જ નહીં, વિશ્વભરમાં સાહિત્યકાર તરીકે નામના પામ્યા. સાર એ છે કે કોઈ વાર રસ્તો બંધ થઈ જાય તો એનાથી નિરાશ થયા વિના માણસે માનવું જોઈએ કે ઉપર વાળોએ એના માટે કોઈ વધુ સારો રસ્તો પસંદ કર્યો હશે.

આદિત્યનાથ આરોગ્યનાથ બની રહ્યા છે

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશની ક્યાં વાત કરવી, આપણી ગરવી ગુજરાતમાં ઘણાં આરોગ્યકેન્દ્રો બલકે જિલ્લા સ્તરની હોસ્પિટલો તજજ્ઞ ડૉકટરોની તાતી અછત અનુભવી રહી છે. મેડિકલ લાઈનમાં પ્રવેશ મેળવવા હવે તો નાણાં કોથળી ઢીલી કરવી પડે છે કારણ કે નવી શરૂ થયેલી મેડિકલ કૉલેજો સરકાર દ્વારા સ્થાપિત સોસાયટી મારફત ચાલે છે. જૂના વખતની સરકારી મેડિકલ કૉલેજોમાં તો ઊંચી મેરીટ વાળા વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળતો હોય છે. દેશનાં અન્ય રાજયોમાં ચાલતી ટ્રસ્ટ સંચાલિત અને કોઈ ને કોઈ રાજકારણીની માલિકી જેવી મેડિકલ કૉલેજોમાં પણ 'ડોનેશન' પ્રથા ચાલતી જ હતી. ગુજરાતી વિદ્યાર્થીઓ અમદાવાદ, વડોદરા કે જામનગર અને એ પછી મોડે મોડે શરૂ થયેલી સુરતની મેડિકલ કૉલેજમાં પ્રવેશ ન મળે તો લાખો રૂપિયાનાં 'ડોનેશન' ભરીને આવી કૉલેજોમાં પ્રવેશ મેળવતા હતા. પોલેન્ડ અને રશિયા કે ચીન જઈને તબીબી ડીગ્રી લઈ આવવાની પ્રથા હતી, જે હવે ઘરઆંગણે જિલ્લે જિલ્લે મેડિકલ કૉલેજો ખૂલતાં બંધ થઈ રહી છે. આપણી સરકાર છેક ઓગણીસસો સિત્તેરના વર્ષમાં એક ડૉકટર બહાર પાડતા દોઢ લાખ રૂપિયા ખર્ચતી હતી. પચાસ વર્ષ પછી એ ખર્ચનો આંકડો કેટલે પહોંચ્યો હશે એની કલ્પના કરી જુઓ. પરંતુ પછી ડૉકટરો જનસાધારણને અને સવિષેશ વંચિત વર્ગના લોકોને તથા ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી દવાખાનામાં સેવા આપવાને બદલે કાં તો વિદશ ઉપડી જતા હતા અથવા દેશમાં શહેરી વિસ્તારોમાં પ્રાઈવેટ ક્લિનિક ખોલીને ટંકશાળ પાડવા લાગતા હતા. વળી હવે તો મેડિકલ વ્યવસાયે કોર્પોરેટ ઈન્ડસ્ટ્રીનું સ્વરુપ ધારણ કર્યું છે. ઉત્તરપ્રદેશ અને બિહાર કે ઓડિશા જેવાં પછાત અને ઓછી આવક ધરાવતી વસતિ બહુલતાવાળાં રાજયોની પરિસ્થિતિ તો ગુજરાત કરતાં પણ બદતર હોય એ સમજી શકાય એમ છે. ઉત્તરપ્રદેશના બાહોશ મુખ્યમંત્રીએ કેટલાંક વિવાદાસ્પદ પગલાં લઈ આંતરરાષ્ટ્રીય સ્તરે ઢોગી બૌદ્ધિકોની ટીકા વહોરી છે પરંતુ ડૉકટરો માટે ફરજિયાત દસ વર્ષની સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં સેવાનો આદેશ એમને જરૂર ગરીબ પ્રજાના આશીર્વાદ અપાવશે. ડૉકટરોએ અનુસ્થાનક ઉપાધિ મેળવ્યા પછી દસ વર્ષ સરકારી હોસ્પિટલોમાં 'વેડફી' મારવા તૈયાર થશે કે કેમ એ પ્રશ્ન છે. પરંતુ જે તૈયાર નહીં થાય એમને એક કરોડ જેવી માતબર રકમ દંડ તરીકે ચૂકવવી પડશે. આથી વધુ નહીં તો પચાસ ટકા અનુસ્તાનક તબીબોની સેવા તો ઉત્તરપ્રદેશની સર્વહારા પ્રજાને જરૂર મળી શકશે. યોગી આદિત્યનાથ પ્રબળ સંકલ્પ શક્તિ ધરાવતા રાજપુરુષ છે. વળી એ તો ગોરખપીઠના મહંત પણ છે. એથી તેઓ આવા આકરા છતાં પ્રજાલક્ષી નિર્ણયો લઈ શકે છે. 'લેવ જેહાદ' જેવી બાબત હોય કે ધર્માંતરણ માત્ર લગ્ન કરનારા હેતુસર કરાવાતું હોય એની સામે તો અદાલતોએ પણ લાલ આંખ કરી જ છે. યોગી આદિત્યનાથ મૂળે પ્રખર હિંદુત્વ -પુરસ્કર્તા લોકનેતાની છાપ ધરાવતા હતા. મુખ્યમંત્રી થયા પછી એમનું એ સ્વરુપ વધુ ઉજાગર બન્યું છે. એથી એમની ઘણી વગોવણી પણ થતી રહી છે. પણ યોગીને એથી કશો ફરક પડતો નથી. એ પહેલાં ધર્મગુરુ છે, પછી રાજકારણી. એમને ડૉકટરો સંદર્ભે લીધેલો નિર્ણય ભદ્રલોકને નહીં ગમે, કારણ એ એ તો મસમોટી રકમ ખર્ચીને સંતાનોને તબીબી ડિગ્રી અપાવે છે જેનું વળતર મેળવવા એથી પણ મોટી રકમ ખર્ચીને પ્રાઈવેટ હોસ્પિટલ કે નર્સિંગ હોમ અથવા ક્લિનિક ઊભું કરવાનું આયોજન હોય છે. યોગીએ કલમના એક ઝાટકે ટંકશાળ પાડવાના તબીબ ઈરાદા પણ પાણી ફેરવી દીધું છે. એવી ટંકશાળ પાડવાની મંશા ધરાવનારે સરકારી તિજોરીમાં સીધા જ એક કરોડ 'દંડ' પેટે જમા કરાવવા પડશે. જે કોઈને ગમશે નહીં. પ્રજાહિત ખાતર અપ્રિય થવાની પણ તૈયારી રાખે એનું નામ સાચો શાસક. ઉત્તરપ્રદેશને એની મૂળ સાંસ્કૃતિક ઓળખ આપવામાં યોગી આદિત્યનાથનો ફાળો ઐતિહાસિક કહી શકાય એ સ્તરનો છે. જો કે પાછી સપા કે બસપાની સરકાર આવશે તો યોગીના ઘણા નિર્ણયો નિરસ્ત કરે એ શક્યતા પણ રહે છે. યોગીના બાકીના બધા નિર્ણયો નિરસ્ત થશે તો ગરીબ પ્રજાને ઝાઝો ફેર નહીં પડે; પણ ડૉકટરો વિશે લીધેલો એમનો નિર્ણય જો એમની સરકાર અમલી બનાવશે તો જરૂર એમની લોકપ્રિયતામાં છોગુ ઉમેરાશે અને એ નિર્ણય નિરસ્ત કરવાની હિંમત સંભવિત વિપક્ષી સરકાર પણ ભાગ્યે જ કરી શકશે. બીજાં રાજયો પણ આદિત્યનાથ મોડેલનું અમલીકરણ કરે એવું ઈચ્છવા જોગ ખરું!

એક પક્ષીય પ્રેમ

સહેજ મલકીએ!
અનંત પટેલ

હમણાં થોડા દિવસ પહેલાં છાપાઓમાં એવા સમાચાર વાંચવા મળેલ કે એક યુવકને એક છોકરી સાથે એક પક્ષીય પ્રેમ થઈ ગયો હોવાથી તેણે એ છોકરી સાથે જબરદસ્તી કરતાં તે પકડાઈ ગયો અને પોલીસ તેમ જ ભેગા થયેલા લોકોએ તેને બરાબરનો મેંથી પાક ચખાડ્યો...

આ વાંચીને મને મારા ગામનો મારો મિત્ર ચંદુ યાદ આવી ગયો. અમે ઓલ્ડ એસ.એસ.સી. ના વિધાર્થીઓ અગીયારમા ધોરણમાં ભણતા ત્યારે આ અમારો ચંદુ અમારા ગામની નહિ પણ બાજુના ગામેથી અમારા ગામે ભણવા આવતી એક છોકરી પાછળ જાણે કે લટ્ટુ બની ગયેલો. એ મને ફ્રી પડેલો જૂએ કે તરત જ મારી પાસે આવીને એના શબ્દોમાં એની પ્રેમિકાએ શું શું કર્યુ તેનું ઉત્સાહપૂર્વક વર્ણન કરે.. હું આ સાંભળતી વખતે એના ચહેરાના ભાવોને પણ વાંચવાની કોશિશ કરતો. 'આજે તો યાર પેલી થોડું હસી હોય એવું લાગ્યું હોં..'

'ક્લાસમાં ય યાર કોઈને ખબર ના પડે એવી રીતે એ મને ત્રાંસી નજરે જોતી હોય એવું લાગે છે બોલ ?'

'જો યાર પાછો કોઈને કહેતો નહિ હોં, આ તો તું મારો જિગરી છે એટલે તને એકલાને જ કહું છું હોં...'

બોસ નક્કી એને મારામાં કશોક ઈન્ટરેસ્ટ છે.... હું એની આવી વાતો સંભળીને એને સમજાવું કે અલ્યા તું ધારે છે એવું ના પણ હોય , એ તને ના પણ જોતી હોય બની શકે છે કે એ તારો માત્ર ભ્રમ હોય...' પણ એ ગાંડીયો મારી વાત માનવા તૈયાર જ ન થાય, ઉપરથી પાછો મને ચેલેંજ ફેંકીને કહે, 'ભલે તું ના માને પણ બોસ એક દિવસ હું એને મારા સાથે ન ફેરવું તો મને ફટ કહેજે જા...' આ એક પક્ષીય પ્રેમી ચંદુએ મારી વાત માની નહિ ને પેલી છોકરીને કોઈ દેખે નહિ એ રીતે છાના માના એક ગુલાબનું ફૂલ આપી આવ્યો... છોકરી તો ચંદુની આવી ચેષ્ટાથી એકદમ ડરી ગઈ ને એને એના ભાઈઓને ચંદુની આવી હરકતની વાત કરી તો બીજા દિવસે એના ભાઈઓના સમજાવ્યા મુજબ એ છોકરી ઈશારા કરીને ચંદુને શાળા છૂટ્યા પછી નેળિયામાં બોલાવી ગઈ, ત્યાં અગાઉથી છૂપાઈ રહેલા તેના ભાઈઓએ ચંદુની સારી પેઠે ધોલાઈ કરી નાખેલી...માર તો બહુ પડેલો પણ ચંદુ કહે કોને? કહે તો કારણ શું આપવું? બિચારા ચંદુએ મૂંગે મોઢે એ માર વેઠી લીધો... આ વાતને ઘણો સમય વીતી ગયો. કોલેજમાં ય ચંદુ આવો અનુભવ થયો હતો છતાં સખણો ના રહે અને એકાદ રૂપાળી છોકરી બતાવી મને પૂછે, 'યાર તું જો તો ખરો આ તને કેવી લાગે છે ? બહુ મસ્ત છે નહિ ? મને એને પટાવવાનું મન થાય છે પણ આ વખત તો તું કહે તો જ આગળ વધીશ...' પાછો હું જાણે છોકરીઓને પારખવામાં એક્ષ્પર્ટ હોઉં એમ મારા અભિપ્રાય ઉપર બધું છોડી દે. હું એને કહું, 'અલ્યા આપણે કોલેજમાં ભણવા માટે આવ્યા છીએ, આવાં લફરાં કરવા તારા પપ્પાએ તને નથી મોકલ્યો... છાનોમાનો ભણવામાં ધ્યાન રાખ નહિતર મારે જ તારા પપ્પાને આ વાત કરવી પડશે..!' મારા આવા શબ્દો સાંભળીને એ પાછો ઢીલો થઈ જાય અને મને કહે, 'યાર બસ, આટલોજ તારો વિશ્વાસને ? તને મારો જિગરી માનું છું એટલે આ તો તને પૂછ્યું બાકી હું કાંઈ કોઈનાથી ડરતો નથી..મારે જે કરવું હોય એ હું કરીશ જા...'

પછી તો બન્યું એવું કે કોલેજમાં એકાદ છોકરીએ એને ભૂલથી કે જાણી જોઈને સ્માઈલ આપ્યું તો એ તો એનો દીવાનો થઈ ગયો....ચંદુ પછી તો ખાસ મને બતાવવા એ છોકરીને મારા દેખતાં જ કોલેજની કેન્ટીનમા લઈ જતો ... થોડા દહાડા એ છોકરીએ એની સાથે એશ કરી ને પછી કોઈ વધારે ધનવાન બકરો મળી જતાં એણે ચંદુને પડતો મૂક્યો.. આમ થયું તો ય અમારા ચંદુભાઈ તો પાછા દેવદાસના રોલમાં આવી ગયા...દાઢી વધારી દીધી ને એ તો ઉદાસ ઉદાસ રહેવા લાગ્યો . એની આવી દશા જોઈ મને એની અને એના પપ્પાની પણ દયા આવી તો મેં એને ફરીથી બધું સમજાવ્યું કે તું કોલેજમાં આ બધી છોકરીઓના રવાડે ચડવાનું બંધ કરી દે તો સારુ અને સારી રીતે અભ્યાસ કરીશ તો કાંઈક સારી નોકરી ય ક્યાંક મળશે અને પછી સારે ઠેકાણે તારું લગ્ન પણ થઈ જશે.. હવે એના નસીબમાં કંઈક સારું થવાનું હશે તે મારી વાત માનીને એના એકપક્ષીય પ્રેમીના રોલમાંથી એ બહાર આવી ગયો ને આજે લહેરથી સરકારી નોકરી કરે જાય છે. સારે ઠેકાણે એ પરણી ય ગયો છે. છતાં એના અનુભવ પરથી તમને ખાસ કહું છું કે તમે ય ધ્યાન રાખજો, આવું કશું ય એકપક્ષીય ન કરી બેસતા નહિતર એના માઠા પરિણામની તૈયારી રાખજો....એકપક્ષીય પ્રેમ એ માત્ર અને માત્ર ઘેલાપણું જ કહેવાય એનાથી દૂર રહેવું જ સારું...

મો.9898409053
anantpatel135@yahoo.com)

ટોચ સાધી મૂળ ને ચાહી શકું, સાદગીની શાન આપો તો લખું



WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ટોચ સાધી મૂળ ને ચાહી શકું,
સાદગીની શાન આપો તો લખું.

વર્ષ ૨૦૨૦ આવ્યું ત્યારથી સમગ્ર વિશ્વ હચમચી ગયું છે પણ સાથોસાથ આ વર્ષ આપણને કેટકેટલી નવી બાબતો શીખવી છે એ પણ એટલું જ મહત્ત્વનું છે. ઘણી બધી ટેવો બદલાઈ ચૂકી છે. જીવન જીવવાની શૈલીમાં, આપણી મનોવૃત્તિમાં ધરખમ ફેરફારો આવ્યા. આપણને હવે સમજાયું કે અમુક વસ્તુઓ, ટેવો, પ્રથાઓ વિના પણ જીવન ચાલી શકે છે. માંદગી અને મૃત્યુને સ્વીકારવાનો અને તેની સાથે અનુકૂલન સાધી જિંદગી જીવવાનો એક નવો જ અનુભવ આ વર્ષે શીખવ્યો. ગાંધીજીની સાદગી અંગે તો આપણે પરિચિત છીએ જ પણ ફાધર વાલેસ લિખિત 'લેખસંચય' માં તેમણે આઈન્સ્ટાઈન વિષે લખ્યું છે તે આપણને વિચારતા કરી મૂકે તેવું છે :

''બીજી વસ્તુ ખરીદી, એટલે પગમાં બીજો પથરો બાંધ્યો. નવી માલિકી, અને નવી ગુલામી. હાથમાં માલ લેવો, એટલે દિલને બેડીઓ પહેરાવવી.''

અપરિગ્રહનો એ પ્રાચીન મંત્ર હતો. પણ એ જૂના ઉપદેશમાં હવે નવો રણકો લાગે છે, કારણ કે એ ઉપદેશ આપનાર એક આધુનિક વિજ્ઞાની હતા. ઉપર ટકેલા દ્વો આજના યુગમાં વિજ્ઞાનીઓના શિરોમણિ એવા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના હતા.

લોકો એમને કોઈ ભેટ આપવા જાય, કોઈ સારા પ્રસંગે પ્રેમાદર બતાવવા દીક મોકલે ત્યારે તે કંઈક મજાકમાં ને કંઈક ઠપકામાં ફરિયાદ કરતા : ''મને આ બ આપો છો ? મારા હાથમાં આ કેવી બેડીઓ નાખો છો ? મારે આ બધી વસ્તુઓની ક્યાં જરૂર છે ? અને જરૂર નથી, પછી એના મોહમાં શા માટે ફસાઉં ?''

અને એવું કહેતા, તેવું કરતા. સાદું, તપસ્વીને શોભે એવું જીવન. ઘેર મોંઘું રાચરચીલું નહીં. ભીંત પર કોઈ ચિત્રની શોભા નહીં. રોજ જેમતેમ દાઢી બનાવે – સામાન્ય સાબુ ને બ્લેડ વાપરીને. અને વાળ કપાવવા તો કોઈ દિવસ ન જાય - વર્ષમાં એકાદ વાર માથા પરનાં ડાળખાંમાં પત્નીને માલણની કામગીરી બજાવવા દે.

પ્રિન્સટન યુનિવર્સિટીએ એમને અધ્યાપક નીમ્યા ત્યાં સુધીમાં તો એ દુનિયામાં સૌથી પ્રખ્યાત વિજ્ઞાની બની ચૂક્યા હતા. વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રિન્સટન પહેલી હરોળમાં, ત્યાં એમને સંશોધન માટે પૂરી સગવડ મળી શકે. તેનું આમંત્રણ આઈન્સ્ટાઈને સ્વીકાર્યું ત્યારે યુનિવર્સિટીના પ્રમુખે એમની આગળ કાગળ ધરીને કહ્યું : આપના પગાર-પુરસ્કાર માટે આપને યોગ્ય લાગે તે રકમ આમાં ખુશીથી લખી નાખો. આપ જે કાંઈ આંકડો મૂકશો, તે યુનિવર્સિટીને મંજૂર હશે.''

આઈન્સ્ટાઈને કાંઈક રકમ લખી. એ જોઈને પ્રમુખશ્રીનું મોં પડી ગયું. ''આવું તે કાંઈ લખાતું હશે?'' એટલે આઈન્સ્ટાઈન કાગળ પાછો લઈને ઓછી રકમ લખવા જતા હતા, ત્યાં પ્રમુખે ખુલાસો કર્યો : ''આટલો ઓછો પગાર તો આ યુનિવર્સિટીના કારકુનને પણ અમે આપતા નથી. અને આપ એટલો જ પગાર લો, તો યુનિવર્સિટીની આબરૂ જાય. માટે આપની આ માગણી અમારાથી નહીં સ્વીકારી શકાય.''

અને આઈન્સ્ટાઈને લખેલ આંકડાની પછી એક મીંડું ચડાવીને યુનિવર્સિટીના પ્રમુખે નિમણૂકપત્ર પર સહી કરી.

●●●

સાદું જીવન. સરળ વ્યવહાર. પણ સાદું જીવન તપશ્ચર્યા માગી લે છે. સરળ સમજણની પાછળ ઊંડો અભ્યાસ હોય છે. જેનું આંતરિક જીવન સમૃદ્ધ હોય, એ જ પોતાના બાહ્ય જીવનમાં સાદાઈ રાખી શકે. જેનું દિલ ને મન ભરેલું હોય, તેને બહારના આધારની જરૂર પડતી નથી. આઈન્સ્ટાઈનના જીવનમાં વિજ્ઞાનનું અનુશીલન હતું, વાયોલિન પર શાસ્ત્રીય સંગીત વગાડવું એ એમનો મોટો શોખ હતો, અને ઘેર પ્રેમાળ - પત્નીને સુખી દાંપત્ય હતાં. જ્ઞાનવિજ્ઞાનનું સેવન, વિદ્યાની ઉપાસના, કલાસંગીતનો રસ ને પ્રેમની હૂંફ, એ સંસ્કારી જીવનનાં ખરાં મૂલ્યો છે. એ હોય તો પછી બહાર ધાંધલ ને ભપકો, મનોરંજન ને એશઆરામ શોધવાની કોઈ જરૂર રહેતી નથી.

દિલ ખાલી છે, મન શુન્ય છે. એટલે જ્યાંત્યાંથી કંઈ ને કંઈ પકડી લાવવાનાં ફાંફાં ચાલે છે. લેવાનું, માગવાનું, ખરીદવાનું, નવું નવું વસાવવાનું, આખું ઘર ભરી દેવાનું. અંદરથી શૂન્યતા ન દેખાય, તે માટે બહાર ધનનું પ્રદર્શન કરવાનું.

સાદાઈ અને અપરિગ્રહનો માર્ગ અને તેનો અનુરોધ કોઈ જૂનવાણી ઉપદેશક તરફથી નહીં, પણ આધુનિક વિજ્ઞાનીના મોંએથી ને જીવનમાંથી.

Last Seen :

જન્મ અન મૃત્યુમાં સમાનતા મળી
સમીકરણ ઉકેલતા શૂન્યતા મળી.

- રસિક દવે

- nehalgadhavi101@gmail.com

મિલકત ખરીદતા પહેલા સંકુચિત પ્રમાણપત્ર કઢાવવું જરૂરી 'Encumbrance Certificate'

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

મિલકત ખરીદ-વેચાણ કરતા પહેલા સાવધાની જરૂરી છે. જેથી નાની ભૂલોથી મોટા નુકશાનમાંથી ઉગરી જવાય તેમજ મિલકતને લગતા તમામ દસ્તાવેજોની કાયદેસરતા સાબિત થઈ ચકાસણી થઈ શકે. મિલકત ખરીદ-વેચાણ સમયે " ઈહષ્ઠેદ્વહ્વટ્ટિહષ્ઠી ઝીંકેષ્ઠટ્ટી " આવશ્યક છે. જે સાથે રાખવું જરૂરી છે.

સર્ટીફિકેટ સંપત્તિના લેન-દેનમાં ઉપયોગમાં આવતો અનિવાર્ય દસ્તાવેજો માનો એક છે. તે સંપત્તિનું સ્વતંત્ર શિર્ષક અથવા માલિકી છે. પ્રોપર્ટી સંબંધિત કોઈપણ કાર્ય માટે પહેલેથી તપાસ કરવી જોઈએ કે બધા દસ્તાવેજો હાજર છે કે નહી.

"Encumbrance Certificate" એટલે કે પ્રોપર્ટી ખરીદવા કે વેચાણ માટેનો એક મહત્વપૂર્ણ ૭ પેજનો દસ્તાવેજ છે. તેનાથી ખબર પડે છે કે પ્રોપર્ટીનો નવો માલિક કોણ છે, કોની પાસેથી ખરીદેલ છે. આ સર્ટી. બતાવે છે કે કોઈ તૃતીય પક્ષની મિલકત ઉપર હક્ક, દાવો અથવા કોઈપણ પ્રકારનો ચાર્જ છે કે નહી, તેથી પ્રોપર્ટી સંબંધીત તે બધી માહિતી આ સર્ટીફીકેટ દ્વારા જાણવા મળે છે. જેનાથી પ્રોપર્ટી ખરીદનાર સાથે કોઈપણ પ્રકારની છેતરપીંડી થતી નથી.

ENCUMBRANCE CERTIFICATE

"Encumbrance Certificate" નું મહત્વ કયા કાર્ય માટે ઉપયોગી છે તે બતાવે છે, જ્યારે પ્રોપર્ટી ખરીદો છો અગરતો વેચો છો ત્યારે આ સર્ટીફીકેટ સૌથી મહત્વપૂર્ણ છે જેને માલિકીનું પત્રક પણ કહે છે. બેન્કમાંથી મિલકત ખરીદવા માટે, લોન લેવા માટે પણ આ સર્ટીફીકેટનો ઉપયોગ થાય છે. મિલકતના ટાઈટલ ડિક્લેર સર્ટીફીકેટ મેળવવા માટે સોલીસીટર કે વકીલ પણ આ સર્ટીફીકેટ જરૂર મંગાવે છે. આનાથી મિલકતની લોન અથવા અગ્રિમતા પ્રાપ્ત કરવા યોગ્ય બને છે.

પરંતુ સવાલ એ થાય કે આ સર્ટીફીકેટ કોણ બનાવી આપે અગર તો ક્યાથી કઢાવવું ? ઓનલાઈન આ સર્ટીફીકેટ બનાવવા માટે સંપૂર્ણ પ્રકિયા ઓનલાઈન ભરવામાં આવે છે. સ્ટેપ બાય સ્ટેપ ફોલો કરી લીક ફોર્મ નં. ૨૨ માં પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા માટે રજીસ્ટ્રાર પાસે એક અરજી કરવાની રહે છે. આ ફોર્મ સંબંધીત રાજ્યોની સત્તાવાર જમીન નોંધણી સાઈટ ઉપર ઉપલબ્ધ છે.

પ્રમાણિત ૨ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર અંગ્રેજીમાં એડ્રેસ પ્રૂફની પ્રમાણિત નકલ, સંપત્તિનું વર્ણન અને તેના શિર્ષક સાથે જરૂરી બિડાણ જોડી ફોર્મ નં. ૨૨ ભરવામાં આવતા આ સર્ટીફીકેટ આપવાની કાર્યવાહી રજીસ્ટ્રાર કરે છે. અરજી સાથે એક નિર્ધારીત ફી પણ ભરવાની થાય છે જે ઓનલાઈન ભરી શકાય છે. અરજી મળેથી નિરિક્ષક ચોક્કસ સમયગાળામાં સંપત્તિ સાથેના તમામ વ્યવહારોનું પરીક્ષણ કરશે જેને સર્ચ કહેવામાં આવે છે. પ્રોપર્ટી જેટલી જુની તેટલા વર્ષોનું સર્ચ કરી માલિકી હક્ક બતાવશે. રજીસ્ટ્રાર નિર્દિષ્ટ કોર્મ નં. ૧૫ ને ત્યારબાદ મુક્ત કરી દેવામાં આવશે અથવા કોઈ વ્યવહાર થયો ના હોય તો પછી શૂન્ય " Encumbrance Certificate " ફોર્મ નં. ૧૬ માં જારી કરવામાં આવશે. આ માટે ૧૫ થી ૩૦ દિવસનો સમયગાળો રજીસ્ટ્રાર લે છે.

પ્રમાણપત્ર પ્રાદેશિક ભાષામાં ફાળવવામાં આવે છે. આ સર્ટીફીકેટની સાથે અરજદારે કબજાનું પ્રમાણપત્ર પણ પ્રાપ્ત કરવું જોઈએ જેથી સરળતા રહે.

"Encumbrance Certificate" લાગુ કર્યા પછી તેની સ્થિતિ પણ ઓનલાઈન તપાસી શકાય છે કે છેલ્લે કોને ફાળવેલ છે. પ્રમાણપત્ર અંગ્રેજીમાં જરૂર હોય તો વધારાનો ચાર્જ ભરપાઈ કરવાથી અંગ્રેજીમાં પણ ફાળવવામાં આવે છે.

કોઈપણ મિલકત ખરીદતા પહેલા સંકુચિત પ્રમાણપત્ર જેને અંગ્રેજીમાં "Encumbrance Certificate" કહે છે. તે કઢાવી લેવું. હાલના સંજોગોમાં અતી આવશ્યક પગલું છે. જેનાથી મિલકતના કાયદેસરના માલિકની વિગતો ચોક્કસ માપ પ્રમાણિત નકશાની વિગત, ભોગવટા પત્રકની વિગત તથા ઓથોરીટીએ પ્લાન પાસ કરેલ હોય તો તેની વિગત અગર જમીન હોય તો તેનો છેલ્લો દસ્તાવેજની ટૂંકી વિગત સર્ટીફીકેટમાં આપવામાં આવે છે. જેનાથી કાયદેરસની માલિકી નો પુરાવો ગણી વેચાણની આગળની કાર્યવાહી કરવામાં આવે છે તથા આ સર્ટીફીકેટ ઉપરથી બેન્ક મોર્ગેજ લોન પણ આપી શકે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
info@trivediassociates.in